પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૪ | ૩ ઓગસ્ટ, ૨૦૧૭, ગુરૂવાર ; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો

## રિવર્સ રેપોરેટમાં પણ ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો કરાયો : સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવવા માટે નિર્ણય : બેંક રેટ અને એમએએસએફના રેટમાં પણ ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો કરવાનો નિર્ણય



મુંબઈ,તા.૨

શેરબજાર, ઉદ્યોગ કારોબારીઓ અને સામાન્ય લોકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે આરબીઆઈની પોલિસી સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે પોલિસી સમીક્ષામાં ચાવીરુપ પોલિસી રેટમાં અથવા તો રેપોરેટ અને રિવર્સ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ પોલિસી રેટ ૦.૨૫ ટકા ઘટીને ૬.૦૦ ટકા થઈ ગયો હતો જ્યારે રિવર્સ રેપોરેટ ૦.૨૫ ટકા ઘટીને ૫.૭૫ ટકા થઈ ગયો છે. સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એમએએસએફ રેટ, બેંક રેટ બંનેમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ આ રેટ ઘટીને ૬.૫૦ ટકાથી ૬.૨૫ ટકા થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસના ધારાસભ્યના ઉતારો છે તે રિસોર્ટના માલિકના ત્યાં દરોડો

## કર્ણાટકના ઉર્જામંત્રી શિવકુમારના આવાસ પર દરોડા : ગુજરાત કોંગ્રેસના તમામ ધારાસભ્યો દેખરેખમાં છે : ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યો જ્યાં રોકાયા છે તે ઇગલટન રિસોર્ટ પર આઈટી દરોડાથી રાજકીય ભૂકંપ : કોંગ્રેસના બધા ધારાસભ્યોમાં પણ ફફડાટ ફેલાયો

બેંગલોર,તા. ૨

રાજકીય ક્ષેત્રે ભૂકંપ સર્જે તેવા મોટા ઘટનાક્રમના ભાગરુપે ઈન્કમ ટેક્સ વિભાગના અધિકારીઓએ આજે સવારે જોરદાર સપાટો બોલાવીને કર્ણાટકના મંત્રી બીકે શિવકુમાર પર દરોડા પાડ્યા હતા. શિવકુમાર એ વ્યક્તિ છે જે બેંગ્લોર નજીક એક રિસોર્ટમાં રોકાયેલા કોંગ્રેસના ૪૦થી વધુ ધારાસભ્યોની મહેમાનનવાજી કરી રહ્યા છે. શિવકુમાર ખુબ જ પ્રભાવશાળી સ્થાનિક કોંગ્રેસી નેતા છે. તેમની ઓળખ હાઈકમાન્ડ સુધી રહેલી છે. ગુજરાતમાં યોજાનારી રાજ્યસભાની ચૂંટણીને લઈને જોડીને પણ આ દરોડાને જોડવામાં આવે છે. શિવકુમાર એ વ્યક્તિ છે જે બેંગ્લોરના ઈગલટન હોટલમાં રોકાયેલા ૪૦થી વધુ ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોની મહેમાન નવાઝી કરી રહ્યા છે. ઈગલટન રિસોર્ટ પર દરોડા પાડવાને લઈને જુદા જુદા નિવેદન આવી રહ્યા છે. એકબાજુ કેન્દ્ર સરકારે કહ્યું છે કે,



● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### રાજ્યસભાની ચૂંટણીમાં નોટા નહી : ભાજપ

રાજ્યસભાની ચૂંટણીમાં નોટાનો ઉપયોગ ન થવો જોઈએ એવી માંગણી સાથે ભાજપનું ઉચ્ચકક્ષાનું પ્રતિનિધિમંડળ ચૂંટણીપંચને મળ્યું હતું. અગાઉ કોંગ્રેસે આ જ પ્રકારની રજુઆત કરી હતી.

### રાહુલ ગાંધી ૪થીએ ગુજરાતમાં

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ચોથી ઓગષ્ટે બનાસકાંઠા અને પાટણના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે હુ બધી જ વાત ગુજરાતમાં પ્રજાની પ્રજાની વચ્ચે કરીશ.

### ૪૮ ભ્રષ્ટાચારી બાબુઓ સામે પગલાં લેવાશે

ભ્રષ્ટાચારના આરોપોમાં સંડોવાયેલા ૪૮ આઈએએસ, આઈપીએસ અને આઈઆરએસ અધિકારીઓ સામે પગલાં લેવાશે. લોકસભામાં સરકારે આ વિશે વિગતો આપી હતી.

### જાણીતા અભિનેતા દિલીપકુમાર હોસ્પિટલમાં દાખલ

બોલીવુડના જાણીતા અભિનેતા દિલીપકુમાર એકાએક માંદગીમાં પટકાતા મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં મોડીસાંજે સારવાર માટે દાખલ કરાયા હતા. જો કે, છેલ્લા ઘણા સમયથી તેઓ શારીરિક બિમારીથી પિડાતા હતા.

# ભારતને સેના હટાવી લેવા ચીનની ચેતવણી

નવીદિલ્હી,તા. ૨

ડોકલામ મડાગાંઠ જારી રહી છે ત્યારે આને લઈને ચીને ફરી એકવાર ધમકી આપી છે. ચીને ધમકી આપતા છે કે, ભારત દ્વારા સેના પાછી ખેંચી લેવામાં આવ્યા બાદ જ વર્તમાન વિવાદનો ઉકેલ આવશે. સેના નહીં હટાવવાની સ્થિતિમાં કાર્યવાહીની વાત

## સેના નહિ હટાવાય તો આકરા પગલા લેવામાં આવશે : ચીન : ડોકલામ મુદ્દો છેલ્લા દોઢ માસથી જારી મડાગાંઠ અકબંધ

કહ્યું છે કે જો ભારત સેના હટાવશે નહીં તો પગલા લેવામાં આવશે. ચીન છેલ્લા ડોઢ મહિનાથી દરરોજ ભારતને ધમકી આપી રહ્યું છે. બેજિંગે આજે ફરી એકવાર ભારતને ડોકલામમાંથી સેના હટાવી લેવા માટે કહ્યું હતું. ચીને કહ્યું કરવામાં આવી છે. ચીની વિદેશ મંત્રાલય દ્વારા ભારતીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ અને ચીનના સ્ટેટ કાઉન્સિલર યેન જેઈચી વચ્ચે ૨૮મી જુલાઈના દિવસે યોજાયેલી બેઠકના સંદર્ભમાં માહિતી આપી છે. ચીનનું કહેવું છે કે, બેઠકમાં બંને અધિકારીઓએ બ્રિક્સ વચ્ચે સહકાર, પારસ્પરિક સંબંધોને મજબૂત કરવા, વર્તમાન મોટી સમસ્યાઓ ઉપર ચર્ચા વિચારણા કરી હતી.

૧૬મી જૂનના દિવસે આ વિવાદની શરૂઆત થઈ હતી. ૧૮મી જૂનના દિવસે આશરે ૨૭૦ ભારતીય સૈનિકો ૧૦૦ મીટરની અંદર ચીનની સરહદમાં ઘુસી ગયા હતા. સાથે સાથે ચીન દ્વારા બનાવવામાં આવી રહેલા માર્ગના નિર્માણ કામને રોકી દીધું હતું. એક સમયે આશરે ૪૦૦ લોકો ચીનની સરહદની ૧૮૦ મીટર અંદર સુધી હતા. જુલાઈના અંત સુધી આશરે ૪૦ ભારતીય સૈનિકો અને એક બુલડોઝર આ વિસ્તારમાં છે. ડોકલામમાં માર્ગ નિર્માણની પ્રક્રિયામાં ચીન સામે ભૂટાને પણ વાંધો ઉઠાવ્યો છે. ભૂટાને આને પોતાના ક્ષેત્ર તરીકે ગણાવીને ચીન દ્વારા યથાસ્થિતિના ભંગ તરીકે ગણાવીને તેના ઉપર આક્ષેપ કર્યા છે. ચીન અને ભારતની ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદમાંથી આશરે ૨૨૦ કિલોમીટર સરહદ સિક્કિમથી થઈને પસાર થયા છે. છેલ્લા ઘણા સમયથી વિવાદ જારી છે ત્યારે આગામી દિવસોમાં પણ આને લઈને આક્ષેપબાજીનો દોર જારી રહે તેવી શક્યતા છે.




## દરોડાના મામલે સંસદમાં ભારે ધાંધલધમાલ

નવીદિલ્હી,તા. ૨

કર્ણાટકના મંત્રી ડીકે શિવકુમાર પર ઈન્કમટેક્સ વિભાગના દરોડાની ગુંજ આજે સંસદમાં જોવા મળી હતી. કોંગ્રેસના સાંસદોએ લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસના સભ્યોએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, આ દરોડા રાજકીય દુશ્મનીના ભાગરુપે પાડવામાં આવ્યા છે. કોંગ્રેસી નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, કોંગ્રેસના ધારાસભ્યોને ડરાવવા અને ધમકાવવાના હેતુસર આ કાર્યવાહી કરાઈ છે. માત્ર એક રાજ્યસભા ઉમેદવારને હટાવવા માટે આ કરવામાં આવી રહ્યું છે પંરતુ ભાજપ આમા સફળ થશે નહીં. રાજ્યસભામાં પણ ભારે ધાંધલ ધમાલ જોવા મળી હતી.

સાંસદો ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા અને નાયબ અધ્યક્ષ પીજે કુરિયન સામે નારાબાજી કરી હતી. આજે કાર્યવાહી શરૂ થતાંની સાથે જ વરિષ્ઠ કોંગ્રેસી નેતા આનંદ શર્માએ આ મામલો ઉઠાવ્યો હતો.













ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧